|| ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ કામક્રોધધ્વંસિને નમ: || (૬૦)

## વાસના અને ક્રોધનો નાશ કરવાવાળા શ્રી સાઈન અમારા નમસ્કાર છે.

ભગવાને ગીતાના સોળમાં અધ્યાયના ૨૧ માં શ્લોકમાં કહ્યું છે –

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ |

કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેત્ત્રયં ત્યજેત્ ||

त्रिविधं नरकस्येदं द्‌वारं नाशनमात्मनः।

कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।।

અર્થાત્ – કામ, ક્રોધ અને લોભ – એ ત્રણ નરકના દ્વાર હોવાથી આત્મઘાતક (અધોગતિમાં લઈ જનારાં) છે. તેથી આ ત્રણેયનો ત્યાગ કરવો.

કામકોધ આદિ ષડરિપુ મનુષ્યને ભગવાનના દ્વાર સુધી પહોંચવામાં મુખ્ય અડચણ રૂપ છે. જ્યાં સુધી આ અડચણ દૂર થતી નથી, ત્યાં સુધી ભગવાન કોઈનો પણ પોતાના ભક્ત તરીકે સ્વીકાર કરતો નથી.

ષડરિપુનો વાસ હોય તેવા હૃદયમાં ભગવાન કેવી રીતે વાસ કરી શકે? જ્યારે કામ, ક્રોધ, આદિ ષડરિપુનો નાશ થશે, ત્યારે મન શાંત થશે, દેહશરણાગત થશે, હૃદય નિર્મળ થશે અને ત્યારે જ પરમેશ્વર તેમાં વાસ કરશે.

ભક્તોની વાસના, કોધનો નાશ સ્વામી કેવી રીતે કરે છે, તે બાબતની આ બે ઘટના.

પહેલી ઘટના સ્વામીના બાળપણની છે. એક દિવસ એક શિક્ષક વર્ગમાં શીખવતા હતા, ત્યારે તેમના ધ્યાનમાં આવ્યું કે, આપણે જે કહીએ છીએ, તે અન્ય બધા વિદ્યાર્થીઓ લખે છે, પરંતુ સત્યનારાયણ લખતો નથી. તેથી તેઓ ક્રોધમાં આવીને બોલ્યા-‘ જે કોઈ લખતું ન હોય તેણે ઊભા રહેવું. " આ સાંભળીને સત્યનારાયણ ઊઠીને ઊભો રહ્યો. શિક્ષકે તેને પૂછયું-“ તું કેમ લખતો નથી? " નિષ્પાપ મનના સત્યનારાયણે તેમને કહ્યું – “ આપ જે કહો છો તે બધું મને આવડે છે, તો પછી મને લખવાની શી આવશ્યકતા (જરૂર)?" આ સાંભળતા જ તે શિક્ષકનો કાર જાગ્યો. તેમણે સત્યનારાયણ બેંચ (બાંકડા) ઉપર ઊભા રહેવાની શિક્ષા ફરમાવી. સત્યનારાયણ બેંચ (બાંકડા) ઉપર ઉભો રહ્યો.

પરંતુ સમય પૂરો થયા પછી શિક્ષક ખુરશીમાંથી ઉઠી શક્યા નહોતા. બીજા શિક્ષકને સત્યનારાયણ ને અકારણ આપેલી શિક્ષાની વાત સમજાય. તેમણે તે શિક્ષકને સત્યનારાયણની શિક્ષા રદ કરવાની સલાહ આપી. તે પ્રમાણે કરતા તે શિક્ષક ખુરશીમાંથી ઊઠી શક્યા. તેમનો ક્રોધ, હંકારતો દૂર થયો જ, પરંતુ ત્યારથી તે સ્વામિનારાયણ ભક્ત બન્યા.

બીજી ઘટના છે મુંબઈની. એક ભક્તને આશ્વાસન આપ્યું હતું કે, તેમની આગલી મુલાકાતમાં સ્વામી તે ભક્તને ઘરે અને તે જ અભ્યાસ મંડળ (Study circle) ચલાવે છે ત્યાં જશે, પરંતુ જ્યારે સ્વામી મુંબઈમાં આવ્યા, ત્યારે તેમની તરફથી મુલાકાત બદલ કાંઈ સ્પષ્ટતા થતી ન હતી. તેથી તે ભક્તે આ બાબત વિશે તેમને પૂછયું, ત્યારે સ્વામી બોલ્યા-"હું જે ત્યાં આવીશ તો ત્યાંની બધી યંત્રણા (ટ્રેફિક) ઠપ્પ થઈ જશે. કારણ કે ત્યાં જવા માટેનો સાંકડો રસ્તો, ઈમારતના નાકા પરની દુકાનો, લોકોની ભીડ, તેના લીધે તમને ત્રાસ (તકલીફ) થશે." આ સાંભળતા જ તે ભક્તની પુત્રીને દુઃખ થયું અને કોઇ પણ આવ્યો. બીજી જ ક્ષણે સ્વામી બોલ્યા-"બેટી બડા ગુસ્સા કરતી હૈ|" પછી તેની તરફ વળીને બોલ્યા-" હું આવીશ પણ તને મારી તે જગ્યા પર બે કલાકની મુલાકાત જોઈએ છે કે કાયમનો વાસ?' આ સાંભળતા જ તેનો ક્રોધ એક ક્ષણમાં જ નાશ પામ્યો અને સ્વામી વિશે ભક્તિભાવ જગૃત થયો. સ્વામીનું કાયમનો વાસ કોણ નકારશે? સ્વામીએ પણ તે વાસ્તુમાં કાયમ વાસ કરીને તેની સતત પ્રતીતિ આપી.

||ॐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ||